RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 160, Dt.20-09-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સુપ્રીમ કોર્ટની સત્તાવાર યુટ્યુબ ચેનલ હેક

## અમેરિકન ક્રિપ્ટોકરન્સીના પ્રમોશન વિડિયો દેખાવા લાગતા બંધ કરવાની ફરજ પડી: હેકર્સ હાલમાં લોકપ્રિય યુટ્યુબ ચેનલોને મોટા પાયે નિશાન બનાવી રહ્યા છે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતની સુપ્રીમ કોર્ટની સત્તાવાર યુટ્યુબ ચેનલ આજે હેક થઈ ગઈ છે. અમેરિકન ક્રિપ્ટોકરન્સી XRPની જાહેરાતનો વીડિયો દેખાઈ રહ્યો છે. XRP ક્રિપ્ટોકરન્સી યુએસ સ્થિત કંપની રિપલ લેબ્સે ડેવલપ કરી છે. સુપ્રીમ કોર્ટ બંધારણીય બેન્ચ સમક્ષ સૂચિબદ્ધ કેસો અને જનહિત સાથે સબંધિત કેસોની સુનાવણીનું લાઈવ સ્ટ્રીમિંગ કરવા માટે યુટ્યુબ ચેનલનો ઉપયોગ કરે છે. તાજેતરમાં કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ટ્રેની મહિલા ડોકટર સાથે રેપ અને હત્યાના કેસની સુનાવણીનું સુપ્રીમ કોર્ટના યુટ્યુબ ચેનલ પર લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવ્યું હતું.

સુપ્રીમ કોર્ટની યુટ્યુબ ચેનલ પર અપલોડ કરવામાં આવેલો છેલ્લી સુનાવણીનો વીડિયો હેકર્સે પ્રાઈવેટ કરી દીધો અને પબ્રેન્ડ ગારલિંગહાઉસ: રિપલ રિસ્પોન્ડ્સ ટૂ ધ એસઈસી ૨ બિલિયન ફાઈન! એક્સઆરપી પ્રાઈસ પ્રીડિક્શન હેડિંગ વાળો એક બ્લેક વીડિયો વર્તમાનમાં હેક કરવામાં આવેલી ચેનલ પર લાઈવ કરી દેવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટના એક વરિષ્ઠ અધિકારીએ આ મામલે કહ્યું કે, ખરેખર શું થયું એ અમને ખબર નથી. પરંતુ એવું લાગે છે કે વેબસાઈટ સાથે છેડછાડ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટની ઓફિશિયલ યુટ્યુબ ચેનલમાં સમસ્યાની જાણ શુક્રવારે સવારે થઈ. સુપ્રીમ કોર્ટની ઈંઝ ટીમે તેને ઠીક કરવા માટે ગઈઈ (National Informatics Centre) પાસે મદદ માગી છે.

હેકર્સ હાલમાં લોકપ્રિય યુટ્યુબ ચેનલોને મોટા પાયે નિશાન બનાવી રહ્યા છે. રિપલે ખુદ પોતાના સીઈઓ બ્રેન્ડ ગારલિંગહાઉસનું નકલી એકાઉન્ટ બનાવવાથી હેકર્સને રોકવામાં નિષ્ફળ રહેવા માટે યુટ્યુબ પર કેસ દાખલ કર્યો છે. તત્કાલિન CJI યુયુ લલિતની અધ્યક્ષતામાં ફુલ કોર્ટની બેઠકમાં પ્રમુખ સુનાવણીઓનું



લાઈવ સ્ટ્રીમિંગ કરવાનો સર્વસંમતિથી નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંતર્ગત સુપ્રીમ કોર્ટે ૨૦૧૮માં નિર્ણય લીધો હતો કે તમામ બંધારણીય બેંચની સુનાવણી યુટ્યુબ ચેનલ પર લાઈવ-સ્ટ્રીમ કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટની કાર્યવાહીનું લાઈવ સ્ટ્રીમિંગ પ્રથમ વખત ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ થયું હતું જ્યારે તત્કાલીન CJI એનવી રમણાએ પોતાની નિવૃત્તિના દિવસે ૫ કેસમાં ચુકાદો આપ્યો હતો. એક્સઆરપી નામની આ ક્રેપ્ટો કરન્સીના પ્રમોશન વિડીયો અચાનક જ સુપ્રિમની યુ-ટ્યુબ ચેનલ પર આવી ગયો છે. તુર્ત જ તેને બંધ કરી દેવાની ફરજ પડી હતી.સુપ્રિમ કોર્ટ આ યુ-ટ્યુબ ચેનલનો ઉપયોગ જાહેર હિતની અરજીઓ અને બંધારણીય ખંડપીઠ સમક્ષ જે કેસ રજુ થાય છે તેના લાઈવ પ્રસારણ માટે ઉપયોગ કરે છે અને હાલમાં જ પશ્ચિમ બંગાળની આરજી કર મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલના કેસની સુનાવણી દરમ્યાન આ પ્રકારે હેક થઈ હતી.

# કેસની મંજુરીમાં વિલંબથી ભ્રષ્ટઓફિસરોને મોકળુ મેદાન

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ એકવાર કહ્યું હતું કે સત્તાનું ચરિત્ર એક જ હોય છે. ભ્રષ્ટાચારના મામલામાં ફસાયેલા અધિકારીઓ પર કાર્યવાહી કરવા માટે પરવાનગી (પ્રોસિક્યુશન એપ્રુવલ) આપવાના મામલે સ્વર્ગીય વાજપેયીનું આ નિવેદન સાચુ સાબિત થાય છે. આ મામલે કેન્દ્ર અને રાજયમાં કોઈપણ પક્ષની સરકારો પાછળ નથી. કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને રાજય સરકારોના ૨૧૨ કેસોમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન દ્વારા ભ્રષ્ટાચારના દોષિત ૫૪૩ અધિકારીઓ અને કર્મચારીઓ સામે કાર્યવાહીની મંજૂરી પેન્ડીંગ છે. ઈઈઈના કામકાજ પર નજર રાખતા સેન્ટ્રલ વિજિલન્સ કમિશનએ પોતાના તાજેતરના રિપોર્ટમાં આ માહિતી આપી છે. આમાં રાજય અને કેન્દ્રશાસિત પ્રદેશ સરકારોમાં કાર્યવાહી માટે મંજૂરીના ૪૧ કેસોનો સમાવેશ થાય છે જેમાં ૧૪૯ અધિકારીઓ ભ્રષ્ટાચારમાં દોષિત ઠર્યા છે. ઈટઈના રિપોર્ટ અનુસાર કેન્દ્ર સરકારના નાણા મંત્રાલયના વિવિધ વિભાગોમાં કાર્યવાહીની મંજૂરીના મહત્તમ ૭૫ કેસ પેન્ડિંગ છે, જેમાં ૧૯૭ ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ સંડોવાયેલા છે. તેમાંથી નાણાકીય સેવા વિભાગના ૫૩ કેસોમાં કાર્યવાહી કરવાની પરવાનગી બાકી છે. નાણા મંત્રાલય પછી, રક્ષા, રેલ્વે, શિક્ષણ અને કર્મચારી મંત્રાલયોમાં પેન્ડિંગ કેસોની સંખ્યા પ્રમાણમાં વધારે છે. અહેવાલ મુજબ, નિયમો મુજબ, સીબીઆઈ દ્વારા પ્રસ્તાવ મોકલ્યા પછી વધુમાં વધુ ત્રણ મહિનામાં કાર્યવાહીની મંજૂરી આપવાનો પ્રયાસ થવો જોઈએ, પરંતુ પેન્ડિંગ કેસોમાં ૨૪૯ અધિકારીઓ સામેના ૮૧ કેસ ત્રણ મહિના કરતાં જૂના છે.




સીવીસીએ કહ્યું છે કે કેટલીક સંસ્થાઓ પંચની સલાહને લાગુ કરવામાં અને આરોપી અધિકારીને ચાર્જશીટ જારી કરવામાં વિલંબ કરે છે. જેના કારણે અનેક કેસોમાં દોષિત અધિકારી નિવૃત્ત થઈ જાય છે અને સમયમર્યાદા ચૂકી જવાના કારણે ભ્રષ્ટ અધિકારી સામે કોઈ કાર્યવાહી થતી નથી. ડિસેમ્બર ૨૦૨૩ સુધી જારી કરાયેલા રિપોર્ટમાં સીવીસીએ એવા મામલાઓનો પણ ઉલ્લેખ કર્યો છે જેમાં તપાસમાં દોષિત ઠરેલા અધિકારીઓ સામે પંચની ભલામણોને પણ અવગણવામાં આવી હતી. આમાં કેન્દ્ર સરકાર (પીએસયુ-બેંક વગેરે) હેઠળના વિવિધ મંત્રાલયો અને સંસ્થાઓનો સમાવેશ થાય છે. ઈટઈ કેન્દ્રીય મંત્રાલયો અને ઙજબ-બેંકોમાં મુખ્ય તકેદારી અધિકારીઓ (ઈટઘ) દ્વારા ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ પર નજર રાખે છે.

# મોંઘવારીએ માઝા મુકી: માત્ર ચાર દિવસમાં જ આવશ્યક ચીજોના ભાવોમાં ૧૨ ટકાનો મોટો વધારો

## ખાદ્ય સચીવે ભલે કહ્યું – તહેવારોની સીઝનમાં ભાવ નહીં વધે પણ, તેમના દાવા ખોટા પડી શકે છે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

હજુ તહેવારોની શરૂઆત થઈ નથી ત્યાં જરૂરી વસ્તુઓના ભાવમાં ૧૨ ટકા જેવો વધારો થયો છે. જેના કારણે તહેવારોની ખરીદી કરવામાં સામાન્ય માણસે તેનું ખિસ્સુ વધુ ઢીલુ કરવુ પડશે. ગ્રાહક મામલાનાં મંત્રાલયના આંકડા મુજબ ખાદ્યતેલોનાં ભાવ ૮ ટકા સુધી વધ્યા છે. ૧૫ સપ્ટેમ્બરે સોયાતેલની કિંમત ૧૧૮ રૂપિયા હતી જે ૧૯ મી સપ્ટેમ્બરે ૮ ટકા વધીને ૧૨૬ રૂપિયા થઈ ગઈ.

તહેવારોનો સમય શરૂ થતા પહેલાં જ આમ આદમીને ઝટકા લાગવા શરૂ થઈ ગયા છે.છેલ્લા ચાર દિવસોમાં જરૂરી વસ્તુઓ ખાસ કરીને તેલની કિંમતોમાં જબરજસ્ત ઉછાળો આવ્યો છે. ૧૫ સપ્ટેમ્બરથી લઈને અત્યાર સુધીમાં તેની કિંમતમાં ૧૨ ટકા વધારો થયો છ.આ સ્થિતિમાં લોકોએ વધુ ખર્ચ કરવો પડી રહ્યો છે.

જોકે બુધવારે જ ખાદ્ય સચીવ સંજીવ ચોપડાએ દાવો કર્યો હતો કે તહેવારની સીઝનમાં જરૂરી ખાદ્ય વસ્તુઓની કિંમત નહીં વધે તેના માટે પર્યાપ્ત ભંડાર છે અને એથી લોકોને રાહત મળશે. એક દિવસ બા જ ગ્રાહક મામલાનાં મંત્રાલયનાં આંકડા આવનારા સમયમાં ખોટા સાબિત થઈ શકે છે. મગફળીના તેલમાં છેલ્લા ૪ દિવસમાં ૧૮૦ થી રૂપિયાથી વધીને ૧૮૬ રૂપિયા લીટરે થઈ ગયો છે. એટલે કે ત્રણ ટકાની તેજી આવી છે.



સરસવનું તેલ ૧૪૨ રૂપિયાથી મોંઘુ થઈને ૧૪૮ રૂપિયા થઈ ગયુ છે.એટલે કે ચાર ટકાનો વધારો થયો છે. વનસ્પતિ તેલનો ભાવ રૂા.૧૨૨ થી વધીને ૧૨૬ રૂપિયા પ્રતિલીટર થઈ ગયા છે.જોકે આ બધી વસ્તુઓનાં સરકારી ભાવ છે પણ રિટેલ બજારમાં કિંમતો એથી પણ વધુ હોઈ શકે છે.

ગ્રાહક મામલાનાં મંત્રાલયનાં આંકડા મુજબ ખાદ્યતેલોનાં ભાવ ૮ ટકા સુધી વધ્યા છે. ૧૫ સપ્ટેમ્બરે સોયાતેલની કિંમત ૧૧૮ રૂપિયા હતી જે ૧૯ સપ્ટેમ્બરે ૮ ટકા વધીને ૧૨૬ રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ હતી. દરમ્યાન પાલ તેલના ભાવ ૧૦૦ રૂપિયાથી વધીને ૧૦૭ રૂપિયા લીટર થઈ ગઈ હતી.જયારે સન ફ્લાવર તેલનો ભાવ ૧૧૯ રૂપિયાથી વધીને ૧૨૬ રૂપિયા પ્રતિ લીટર પહોંચી ગયો હતો.


# દરરોજ કામ વિના શ્રમિકોને ૮૦૦થી ૧૦૦૦ની કમાણી, ભોજન પણ મફત!


**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

મિલેનિયમ સિટીના નામથી ઓળખાતા ગુરુગ્રામનો પલેબર ચોકથ હાલમાં વેરાન લાગી રહ્યો છે. એટલા માટે નહીં કે કોઈ તહેવાર નજીક આવી રહ્યો છે જેના કારણે શ્રમિકો રજા પર ગયા છે. બાંધકામની ગતિવિધિઓ પર પણ કોઈ પ્રતિબંધ નથી. લેબર ચોક વેરાન હોવાનું કારણ એ છે કે, ચૂંટણીની પઋક્ષ્તુથમાં શ્રમિકોને પદિહાડીથના બદલે રાજકીય રેલીમાં સામેલ થવાનો શ્રેષ્ઠ વિકલ્પ મળી ગયો છે. દરરોજ સવારે શ્રમિકો શહેરમાં ચિહ્નિત સ્થળો પર એકઠા થાય છે જેને લેબર ચોક કહેવામાં આવે છે. જેને પણ શ્રમિકોની જરૂર હોય તે લેબર ચોક પહોંચીને ત્યાંથી વેતન વગેરે નક્કી કર્યા બાદ શ્રમિકોને કામ માટે લઈ જાય છે. હવે હરિયાણામાં ૫ ઑક્ટોબરના રોજ યોજાનાર વિધાનસભા ચૂંટણી માટે તમામ પાર્ટીઓ જોરશોરથી પ્રચાર કરી રહી છે. તમામ રાજકીય પાર્ટીઓને પોતાના મોટા નેતાઓની રેલીઓમાં ભીડ દેખાડવાની હોય છે. તેથી આ રેલીમાં ભીડ એકઠી કરવા માટે આ શ્રમિકોની ખૂબ માગ છે.

સામાન્ય રીતે તહેવારો પહેલા લેબર ચોક વેરાન નજર આવતો હોય છે કારણ કે, આ દરમિયાન શ્રમિકો પોતાના વતન જતાં રહે છે. શિયાળામાં જયારે દિલ્હી-એનસીઆર વાયુ પ્રદૂષણ સાથે સંઘર્ષ કરે છે ત્યારે બાંધકામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકાઈ જાય છે. આ સમય દરમિયાન પણ લેબર ચોક વેરાન નજર આવે છે. જો કે, હરિયાણામાં ૫ ઑક્ટોબરે યોજાનારી વિધાનસભાની ચૂંટણી માટે તમામ પાર્ટીઓ જોરશોરથી પ્રચાર કરી રહી છે. રાજકીય પાર્ટીઓને પોતાના મોટા નેતાઓની રેલીઓમાં ભારે ભીડ દેખાડવી પડે છે. આ રેલીઓમાં ભીડ એકઠી કરવા માટે આ શ્રમિકોની ખૂબ માગ છે અને આ માટે રાજકીય પાર્ટીઓ તેમેને પદિહાડીથ પર હાયર કરી રહી છે.

૮ વર્ષથી ગુરુગ્રામમાં રહેલા બિહારના શ્રમિક સુંદરે જણાવ્યું કે, મોટા ભાગની પાર્ટીઓ અને ઉમેદવારોને પોતાની રેલીઓમાં ભીડની જરૂર હોય છે. અને આ કામ




અમારા માટે ઓછી મહેનતવાળું છે અને અમને એક દિવસની મજૂરી સમાન પૈસા મળી જાય છે. દરેક રેલી માટે અમને ૮૦૦થી ૧૦૦૦ રૂપિયા મળે છે. જો અમે મજૂરી કામ માટે જઈએ તો આખો દિવસ સખત મહેનત કર્યા બાદ અમને આટલા પૈસા મળે છે. તેથી હું અને મારો પરિવાર હાલમાં લેબર ચોક પર નથી જતાં અને રાજકીય રેલીમાં ભાગ લઈ રહ્યા છે.

# ભારતીય શેરબજારે બનાવ્યો રેકોર્ડ, સેન્સેક્સ પહેલીવાર ૮૪૦૦૦ને પાર, રોકાણકારોને લ્હાણી

વૈશ્વિક શેરબજારોની તેજીના સથવારે સેન્સેક્સ અને નિફ્ટી આજે ફરી રેકોર્ડ ટોચ હાંસલ કરવામાં સફળ રહ્યા છે. સેન્સેક્સ પ્રથમ વખત ૮૪૦૦૦નું લેવલ ક્રોસ કરી ૮૪૨૧૩.૨૧ની સર્વોચ્ચ ટોચે પહોંચ્યો છે. નિફ્ટીએ પણ ૨૫૭૦૦ નજીક ૨૫૬૯૭.૪૫ની ઐતિહાસિક ટોચ નોંધાવી છે. ૧૧.૧૫ વાગ્યે નિફ્ટી ૨૭૫.૬૦ પોઈન્ટ ઉછળી ૨૫૬૯૧.૪૦ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો, સેન્સેક્સ ૯૯૯.૭૪ પોઈન્ટના ઉછાળે ટ્રેડ થઈ રહ્યો છે. સેન્સેક્સ પેકની ૩૦ સ્ક્રિપ્સ પૈકી એકમાત્ર ટીસીએસ ૦.૩૩ ટકા ઘટાડે ટ્રેડ થઈ રહ્યો છે. આ સિવાય તમામ ૨૮ શેર્સ ૪ ટકા સુધી ઉછાળે ટ્રેડ થઈ રહ્યા છે. અમેરિકી ફેડ રિઝર્વ દ્વારા વ્યાજના દરોમાં ઘટાડાની જાહેરાતના પગલે અમેરિકી શેરબજારમાં ડાઉજોન્સ પણ ૪૨૦૦૦નું લેવલ ક્રોસ કરવામાં સફળ રહ્યો છે. એશિયન બજારો પણ તેજી સાથે આગેકૂચ રહ્યા છે. લાર્જકેપ શેર્સમાં ઉછાળાના સથવારે સ્થાનિક શેરબજારમાં પણ તેજી જોવા મળી છે. ઉલ્લેખનીય છે, ગઈકાલે એફઆઈઆઈએ નોંધાવેલ ૨૫૪૭.૫૩ કરોડની



વેચવાલીને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ ૨૦૧૨.૮૬ કરોડની લેવાલીએ ટેકો આપ્યો હતો. શેરબજારમાં સાર્વત્રિક તેજીના માહોલ વચ્ચે રોકાણકારોની મૂડી રૂ. ૪.૪ લાખ કરોડ વધી છે. બીએસઈ ખાતે ટ્રેડેડ ૩૮૬૭ શેર્સ પૈકી ૨૪૩૪માં સુધારો અને ૧૨૮૧ શેર્સ ઘટાડે ટ્રેડ થઈ રહ્યા છે. ૨૦૩ શેર્સ વર્ષની ટોચે અને ૩૩ શેર્સ વર્ષના તળિયે પહોંચ્યા છે. ૨૪૩ શેર્સમાં અપર સર્કિટ અને ૨૦૭ શેર્સમાં લોઅર સર્કિટ વાગી છે.

# પન્નુ હત્યા ષડયંત્ર : NSA ડોભાલની અમેરિકા મુલાકાત સમયે ન્યુયોર્ક અદાલતે પાઠવેલું સમન્સ ફગાવતું ભારત

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાની મુલાકાતે જઈ રહ્યા છે તે સમયે ન્યુયોર્કની એક અદાલતે ખાલિસ્તાની નેતા ગુરૂપતવંતસિંહ પન્નુની હત્યાના પ્રયાસના એક ષડયંત્રમાં એક ભારતીયની ધરપકડ કર્યા બાદ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ ભારતની વિદેશી જાસુસી એજન્સી નરોથના વડા સામંત ગોયલ અને અન્ય અધિકારીઓને પાઠવેલા સમન્સ ભારતે ફગાવી દીધા છે અને અમેરિકા સમક્ષ તેનો વિરોધ નોંધાયો છે.

વિદેશ મંત્રાલયના પ્રવકતા વિક્રીમ મિસરીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે આ સમન્સ સ્વીકાર્ય નથી અને ભારત તેનો અમલ કરશે નહીં સુત્રોના જણાવ્યા મુજબ



અજીત ડોભાલ મોદી સાથે તા. ૨૧ થી ૨૩ અમેરિકાની મુલાકાતે જઈ રહ્યા છે અને ક્વાડ બેઠકમાં પણ હાજરી આપશે જેમાં અમેરિકાના પ્રમુખ જો બાઈડન પણ ઉપસ્થિત રહેનાર છે. તે સમયે આ પ્રકારનું સમન્સ એ ભારત માટે મોટી સંકોચભરી સ્થિતિ બની રહી છે. અમેરિકામાં પન્નુની હત્યાના ષડયંત્રમાં એક ભારતીયની ધરપકડ થઈ છે તે સંદર્ભમાં આ સમન્સ ઈસ્યુ કરાયા છે. આ અંગે અમેરિકી ન્યુયોર્ક ડિસ્ટ્રીકટ કોર્ટમાં હાજર રહેવા જણાવાયું છે. આ કહેવાતા ષડયંત્ર સામેલ ભારતીય વ્યાપારી નીખીલ ગુપ્તા હાલ અમેરિકી જેલમાં છે.અમેરિકી અદાલતે આ અંગે ૨૧ દિવસમાં જવાબ રજૂ કરવા જણાવ્યું છે. ગુપ્તા ઉપર પન્નુની હત્યા માટે શુટરને ભાડે રાખવાનો આરોપ છે. પન્નુએ અમેરિકા અને કેનેડા બંનેના નાગરિક છે અને ભારત વિરોધી અને ખાલિસ્તાની તરફી પ્રવૃતિ માટે જાણીતો છે. જોકે ભારતે જણાવ્યું કે પન્નુએ ભારત દ્વારા જાહેર કરાયેલો ત્રાસવાદી છે અને તે ભારત વિરોધી પ્રવૃતિ વિરોધી માટે જાણીતો છે. નવેમ્બર માસમાં અમેરિકાના આ આરોપ બાદ ભારતે ઉચ્ચસ્તરીય કમીટી મારફત અમેરિકી આરોપમાં તપાસ ની જાહેરાત કરી હતી અને અમેરીકી અદાલતે પણ ગુપ્તા સામે કેસ દાખલ કર્યો છે. અમેરિકી વિદેશ વિભાગે પણ ભારત સાથે આ મુદે અનેક વખત ચર્ચા કરી છે અને તેના અધિકારીઓ પણ ભારત આવી ચૂકયા છે. પરંતુ હવે એક તરફ ભારત અને અમેરિકા બંને ક્વાડ સહિતના મુદે સંયુકત બેઠકો યોજી રહ્યા છે તે સમયે આ પ્રકારના અમેરિકી કોર્ટના સમન્સ સામે પણ ભારતે વિરોધ નોંધાવ્યો છે.

# હાઉસીંગ સોસાયટીમાં મિલ્કત ખરીદ – વેંચાણમાં પ્રોપર્ટી વેલ્યુના ૦.૫% રજીસ્ટ્રેશન ફી લેવાશે

## ભુપેન્દ્ર પટેલ સરકારનો મહત્વનો નિર્ણય : મોંઘી મિલ્કતોની રજીસ્ટ્રેશન ફી વધશે : મહત્તમ રૂા. ૫૦ હજારની મર્યાદા દૂર


**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગુજરાતમાં એક તરફ જંત્રીમાં ૧૦૦ ટકાના ભાવ વધારા બાદ તેમાં ફેરફાર અંગેની પ્રક્રિયા હાલ મુલત્વી રાખવામાં આવી છે અને હવે આગામી વર્ષે તે હાથ ધરાશે તેવું મનાય છે. તે સમયે ગુજરાત હવે મિલ્કતના ખરીદ વેંચાણ સમયે રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં અને તેના સ્ટેમ્પ ડયુટીમાં એક મોટો ફેરફાર લાવી રહ્યું છે.

હવે પ્રોપર્ટી ટ્રાન્સફર ફી છે તેને મિલ્કતની કિંમત સાથે જોડી દેવાશે જેના કારણે વધુ મોંઘી મિલ્કતો માટે ટ્રાન્સફર ફી ઉંચી રહેશે અને તેની સાથે ગ્રામીણ સહિતના વિસ્તારોમાં કે જયાં મિલ્કતોની કિંમત નીચી છે ત્યાં ઘર ખરીદનારાઓને ફાયદો થશે. સરકારે જંત્રી વ્યવસ્થા અમલમાં મૂકી છે પરંતુ તેને અપડેટ થવામાં લાંબો સમય લાગે છે અને આ કવાયત વારંવાર કરવી પડી છે.

તેથી ગુજરાતમાં હવે એક અનોખો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. જેને હાલમાં જ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે મંજૂરી આપી છે. હાલ સરકાર મિલ્કતની ટ્રાન્સફર ફી રૂા.૫૦૦ થી ૫૦ હજાર વસુલે છે જયારે હાઉસીંગ કોપરેટીવ સોસાયટીને તેમાંથી મુકિત છે. પરંતુ નવા કાનુન મુજબ હવે સોસાયટીના સભ્યોએ પણ ટ્રાન્સફર ફી ભરવી પડશે અને તેમાં સોસાયટી કયાં પ્રકારની છે તે મહત્વનું રહેશે નહીં.

છેલ્લે સરકારે ૧૯૯૧માં ટ્રાન્સફર ફી નિશ્ચિત કરી હતી. હવે હાઉસીંગ



સોસાયટીમાં નવા સભ્યો હાલના સભ્ય પાસેથી મિલ્કત ખરીદે તો આ પ્રમાણે ટ્રાન્સફર ફી ચૂકવે છે અને તેના આધારે તે સોસાયટીની તમામ સેવાઓ મેળવે છે. હાઉસીંગ સોસાયટીમાં જમીનના માલિક સોસાયટી હોય છે અને તેના ઉપર આવાસનું બાંધકામ થાય છે.

જયારે અન્ય પ્રકારની સોસાયટીમાં જમીનના માલિક વ્યકિતગત હોય છે. પરંતુ લાંબા સમયથી આ અંગે સુધારાની તૈયારી હતી. અને સરકારે હવે ૩૩ વર્ષ બાદ તેમાં સુધારા અંગે નિર્ણય લીધો છે. ગુજરાત કોપરેટીવ સોસાયટી એકટ ૧૯૬૧માં થયેલા સુધારા મુજબ સરકારે આ પ્રકારે ટ્રાન્સફર ફી વધુમાં વધુ સેલ દીઠના ૦.૫ ટકા નિશ્ચિત કરી છે.

અગાઉ તેમાં મહતમ રૂા. ૫૦ હજાર હતી પરંતુ હવે તેને બાયપાસ કરીને જંત્રીની ચિંતા કર્યા વગર માર્કેટ કિંમત મુજબ તેમાં ટ્રાન્સફર ફી વસુલાશે અને જે મિલ્કતની કિંમત ઉંચી હશે તેની ટ્રાન્સફર ફી ઉંચી હશે. સસ્તી મિલ્કતોમાં ટ્રાન્સફર ફી નીચી જશે.

# રોગચાળો બેકાબૂ, શહેરમાં ૧૮ દિવસમાં ડેન્ગ્યુના ૨૮ કેસ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેરમાં રોગચાળો બેકાબૂ બનતા ૧૮ દિવસમાં ડેન્ગ્યુના ૨૮ કેસ મનપાના ચોપડે નોંધાયા છે. વાયરલ રોગચાળો વકરતા ઘેર-ઘેર શરદી, ઉધરસ, તાવના કેસથી ખાનગી અને સરકારી હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. શહેરમાં ઓગષ્ટ મહિનામાં મેલેરિયાના ૧૦, ડેન્ગ્યુના ૧૯ કેસ નોંધાયા હતાં. શહેરમાં મચ્છરજન્ય રોગચાળાના ભરડાથી લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે.

ત્યારે આરોગ્ય તંત્ર ઉંધામાથે કામગીરીમાં લાગ્યું છે. જામનગરમાં ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઇ હતી. જેના કારણે રહેણાંક મકાનોમાં વરસાદના પાણી ઘૂસી ગયા હતાં.શહેરમાં ઓગષ્ટ મહીનામાં મહાપાલિકાના ચોપડે મેલેરિયાના ૧૦, ડેન્ગ્યુના ૧૯ કેસ નોંધાયા હતાં. જયારે સપ્ટેમ્બર મહિનામાં ૧૮ દિવસમાં મેલેરિયાના ૬ અને ડેન્ગ્યુના ૨૮ કેસ નોંધાઈ ચૂકયા છે. ગતવર્ષે એટલે કે ૨૦૨૩માં શહેરમાં ઓગષ્ટ મહિનામાં મેલેરિયાના ૫ અને ડેન્ગ્યુના ૧૦ કેસ નોંધાયા હતાં.

વાયરલ રોગચાળાની ઝપટમાં પરિવારનો એક વ્યકતિ આવે ત્યારબાદ અન્ય વ્યકિત પણ થાય છે. આટલું જ નહીં ચારથી પાંચ દિવસની સારવાર બાદ વાયરલ રોગચાળાથી વ્યકિત સ્વસ્થ થાય છે. આથી લોકોના આરોગ્યને માઠી અસર થઇ રહી છે.

# મોરબીના લખધીરવાસ વિસ્તારમાં કોઈ સલામતીના સાધનો વગર ચાલતી ગેસ એજન્સી સામે જીલ્લા પુરવઠા વિભાગમાં

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં થોડા દિવસો પહેલા નહેરુ ગેટ વિસ્તારમાં કોઈ સલામતીના સાધનો વગર તેમજ મંજૂરી કરતા વધારે ગેસ સિલિન્ડર રાખી તેનું વેચાણ કરનારા વેપારીઓની દુકાનોમાં મોરબી ફાયર વિભાગ તથા જીલ્લા પુરવઠા વિભાગ દ્વારા ચેકીંગ હાથ ધરી તમામ દુકાનો સીલ કરવામાં આવી હતી ત્યારે શહેરના લખધીરવાસ ચોકમાં આવી જ સ્થિતિનું સર્જન થયું છે. જેમાં લખધીરવાસ ચોકમાં ચેતક ગેસ એજન્સી નામે આવેલ દુકાનમાં પણ સેફટીના કોઈ સાધનો વગર છૂટક તથા હોલસેલમાં ગેસના સિલિન્ડરનું વેચાણ થઈ રહ્યું હોય જેને લઈને લખધીરવાસ ચોક આજુબાજુ રહેતા તમામ લતાવાસીઓ દ્વારા આ ગેસ એજન્સી સામે ત્વરિત પગલાં લઈ સત્વરે આ બાબતનો યોગ્ય નિકાલ કરવા મોરબી જીલ્લા પુરવઠા વિભાગમાં લેખિત રજુઆત કરી છે. લખધીરવાસ ચોક નજીક રહેતા લતાવાસીઓ દ્વારા કરવામાં આવેલ રજુઆતમાં જણાવવામાં આવ્યું કે લખધીરવાસ ચોકમાં ચેતક ગેસ એજન્સી નામની ગેસના સિલિન્ડર વિતરણની દુકાન આવેલ છે, જ્યાં છૂટક તેમજ હોલસેલ ગેસના બાટલાનું અતિરિક્ત વેચાણ થઈ રહેલ હોય, તેમજ કોઈપણ સેફ્ટી વગર અને જાનના જોખમે લોકો ત્યાં ગેસના બાટલા લેવા-દેવા માટેની અવર-જવર સતત ચાલુ હોય છે. તદુપરાંત, ગેસના બાટલા ભરલે ટ્રક પણ ચોકમાં મુકતા હોવાથી લતાવાસીઓ, બાળકો, તેમજ બાજુમાં પ્લે- હાઉસ પણ આવેલ હોય અને તમામ લોકોના જીવ ખૂબ



જોખમમાં મૂકાતા હોય. આ ઉપરાંત, લખધીરવાસ ચોકમાં આર્ય સમાજનું મંદિર , રોકડિયા હનુમાંજીનું મંદિર આવેલ હોય જ્યાં લોકો દર્શને આવતા હોય, તેમજ ચોકમાં સ્કૂલની બસો બાળકોને લેવા મૂકવા માટે કાયમી ધોરણે આવતી હોય ગેસના બાટલાનું જોખમી વેચાણને લીધે બાળકોના જીવ પણ ખૂબ જોખમમાં મુકાય છે. ત્યારે હાલમાં રાજકોટમાં જે ટીઆરપી ગેમઝોનમાં ગંભીર બાનવ બની ગયેલ હતો જે અત્યંત દુખદ ઘટના હતી ત્યારે આ લખધીરવાસ વિસ્તારમાં આવો કોઈ બનાવ બને તે પહેલા લતાવાસીઓ દ્વારા આ બાબતે ધ્યાન દોરવા માંગીએ છીએ અને જેનો નિકાલ સત્વરે મળે તેવી નમ્ર અપીલ સાથે રજુઆત કરવામાં આવી છે.

# હરિયાળી પ્રકૃતિના ખોળે જલધારાનું મધુર નૃત્ય




જાણે મા નો ખોળો જ જોઇ લો. ગોંડલ નજીકના આ ઝરણાએ લોકોને ત્યાંથી પસાર થતી વખતે ઘડી બે ઘડી થંભી જવા મજબુર કરી દીધા હતા. જલધારાના મધુર નૃત્યનો લહાવો લેવા જેવો તો ખરો જ.વહેતું ઝરણું એ કુદરતી રીતે સ્પષ્ટ દેખાતું પાણીનું મધુર નૃત્ય છે. સૂર્યપ્રકાશમાં હળવા લહેર તેને ઝગમગાવે છે, દરેક પ્રવાહ સાથે, જીવન ફટે છે – જીવંત લીલોતરી, રંગબેરંગી , અને રસદાર પર્ણસમૂહ, આશા અને નવીકરણનું પ્રતીક છે. વહેતું ઝરણું આપણને પરિવર્તનને સ્વીકારવાનું, જીવનના પ્રવાહો સાથે વહેવા અને સતત ચળવળમાં સુંદરતા શોધવાની યાદ અપાવે છે.

# મોરબીમાં પ્રસિદ્ધ ખોખરા હનુમાન હરિહરધામ ખાતે શ્રીમદ ભાગવત કથાનો પ્રારંભ

**મુખ્ય સમાચાર,મોરબી**





મોરબીના પ્રસિદ્ધ તીર્થસ્થાન એવા શ્રી ખોખરા હનુમાનજી હરિહરધામ ખાતે સદગુરુ પૂજ્ય કેશવાનંદ બાપુની સમાધિના રજત જયંતિ વર્ષ નિમિતે તા.૧૯/૦૯થી ૨૫/૦૯ શ્રીમદ ભાગવત કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વ્યાસાસને પૂજ્ય સ્વામી રાજેન્દ્રદાસજી દ્વારાચાર્યજી મહારાજ દ્વારા કથા શ્રવણ કરવા આવેલ ભાવિક ભક્તોને કથાનું રસપાન કરાવ્યું હતું. ત્યારે આજના શ્રીમદ ભાગવત કથાના પ્રથમ દિવસે વિવિધ પુચમીત સ્થળોએથી પધારેલ સંતો, મહંતો તથા બહોળી સંખ્યામાં આવેલ ભક્તોએ કથા શ્રવણનો લાભ લીધો હતો.

શ્રીખોખરા હનુમાન હરિહરધામની પૂણ્યપવિત્ર ભૂમિમાં સદગુરુ પૂજ્ય કેશવાનંદબાપુની સમાધિના રજત જયંતિ વર્ષ નિમિતે આયોજિત શ્રીમદ ભાગવત કથામાં આજના પ્રથમ દિવસે વિવિધ પુચમીત સ્થાનોના સંતોએ દીપ પ્રાગટય કરી આશીર્વાદ અર્પણ કર્યા હતા. પૂજ્ય કંનકેશ્વરી માઁ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે ગુરુભક્તિની વાતો કરી પૂજ્ય કેશવાનંદ બાપુ સાથેના પોતાના સંસ્મરણોને વાગોળ્યા હતા. ઉપસ્થિત સંતોએ પણ પોતાની પ્રસન્નતા પ્રગટ કરી પૂજ્ય કેશવાનંદ બાપુ પ્રત્યેનો અનુભવ અને અહોભાવ પ્રગટ કર્યો હતો.

કથાના વ્યાસાસને વિરાજમાન જગદગુરુ મલૂક પીઠાધીશ્વર પૂજ્ય સ્વામી રાજેન્દ્રદાસજી દ્વારાચાર્યજી મહારાજે રાજેમનું દાસ મહારાજે પણ ગુરુ મહિમાના દર્શન કરાવી પૂજ્ય માઁ ની વાત્સલ્ય પરાપણતા તેમજ ગુરુનિષ્ઠા પ્રત્યેનો ભાવ પ્રગટ કર્યો હતો.તેમજ પૂજ્ય કેશવાનંદ બાપુના મહિમાનું ગાન કર્યું હતું. ભાગવત કથામાં આગળ સ્વામી રાજેન્દ્રદાસજી દ્વારા જણાવ્યું હતું કે દરેક મનુષ્ય ગુરુ-કૃપાથી પૂર્ણતા સુધી પહોંચી શકે છે. ભગવાન સ્વયં કહે છે કે જે ગુરુની સેવા કરે છે તેના ચરણોની હું સેવા કરું છું, માટે ભગવાને સુદામાના પગ ધોયા. અંતમાં તેઓએ જણાવ્યું કે ગુરુકૃપાથી પ્રભુકૃપા પ્રાપ્ત થાય છે.

# જોડીયા ગામના શ્રમિક પરિવારના ૧ વર્ષના દીકરાનું હૃદયનું ઓપરેશન સફળ રીતે સંપન્ન

**મુખ્ય સમાચાર, જામનગર**





જામનગર જોડીયા ગામમાં છુટક કામ કરતા અને હાલમાં જામનગર શહેરમાં રહેતા ગૌતમભાઈ બોરીચાના ઘરે પુત્રનો જન્મ થયો હતો. આ બાળક મયંક જન્મ સમયે તંદુરસ્ત જણાયું હતું અને તેનું વજન ૨.૫ કિલોગ્રામ હતું. છેલ્લા થોડા સમયથી બાળકની તબિયત બગડવા લાગી હતી. બોરીચા પરિવાર હાલ જામનગર રહેતો હોવાથી તેઓ ગુરુ ગોવિંદસિંહ સરકારી હોસ્પિટલ ખાતે તપાસ અર્થે ગયા હતા.ત્યાંના ડોક્ટર દ્વારા પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે આ માસુમ બાળકને હૃદયની તકલીફ છે.

તેથી તાત્કાલિક ઓપરેશન કરાવવા માટે અમદાવાદ હોસ્પિટલ જવા માટે વાલીને સમજાવામાં આવ્યા. લાભાર્થી જોડિયા તાલુકાના હોય અને ત્યાંના લોકલ આરોગ્ય ટીમના સભ્યોથી પરિચિત હોય આ વાતની જાણ જોડીયા તાલુકાની આરોગ્ય ટીમને કરવામાં આવી.જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ભાયા, તાલુકા આરોગ્ય અધિકારી ડો.સંજય સોમૈયાના માર્ગદર્શન હેઠળ કાર્યરત RBSK ટીમ-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમના ડો.સેજલ કરકર અને ડો.દેવજી નકુમ દ્વારા શાળા આરોગ્ય તપાસણીના કાર્યક્રમ દરમિયાન લાભાર્થીની ગૃહ મુલાકાત લેવામાં આવી હતી અને તેમનું સંદર્ભ કાર્ડ ભરી આપવામાં આવ્યું હતું. ત્યારબાદ એમ્બ્યુલન્સ દ્વારા અમદાવાદમાં યુ.એન.મહેતા હોસ્પિટલ ખાતે તેમને રીફર કરવામાં આવ્યા હતા. તેમજ તેમની સાથે નિયમિત સંપર્ક રાખવામાં આવ્યો હતો. અમદાવાદમાં પ્રાથમિક તપાસ દરમિયાન ECG, 2D- ECHO, બ્લડ રિપોર્ટ કરાયા બાદ બાળકનું ૩ દિવસ ઓપરેશન ચાલ્યું હતું. બાળકના હૃદયના કાણાંની શસ્ત્રક્રિયા અને જરૂરી સારવાર કરીને સફળ રીતે ક્ષતિને દૂર કરવામાં આવી હતી. આજે આ બાળક હસીખુશી રમી રહ્યું છે. આ બદલ તેમના પરિવારજનો જિલ્લા વહીવટી તંત્રનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

# મોરબીના મહેન્દ્રનગર નજીક પસાર થતી કાલિન્દ્રિ નદીમાં દબાણ અને ગંદકી દૂર કરવા કોંગ્રેસ નેતાની માંગ

## સ્વચ્છતા અભિયાનના નાટક બંધ કરી ભાજપના નેતાઓ કાલિન્દ્રિ નદીની ગંદકી દૂર કરવા સ્વચ્છતા અભિયાન ચલાવે તો વિપક્ષ પણ સાથે જોડાશેઃકોંગ્રેસ પ્રવક્તા દેવેન્દ્રસિંહ જાડેજા

**મુખ્ય સમાચાર,મોરબી**

નદીને આપડી ભારતીય સંસ્કૃતિમાં પૂજનીય કહેવામાં આવી છે એની લોકો પૂજા અર્ચના પણ કરતા હોય છે અને ઘણા તહેવારોમાં પણ નદીઓમાં સ્નાન-પૂજાનું ઘણું મહત્વ આપણા સાથે જોડાયેલું છે. પરંતુ અત્યારે જે મોરબીની કાલિન્દ્રિ નદી અત્યારે તેનું અસ્તિત્વ ટકાવી રાખવા જાણે જજુમી રહી હોઈ એ હાલત અત્યારે આ નદીની થઈ ગઈ છે, ત્યારે સૌરાષ્ટ્ર ઝોનના કોંગ્રેસ પ્રવક્તા દેવેન્દ્રસિંહ દ્વારા આ નદીમાં દબાણ અને ગંદકીના ખડકલા દૂર કરવા નિંદ્રાધીન તંત્રને ફરી એકવાર ઢંઢોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

મોરબીની માળીયા ફાટક થી મહેન્દ્રનગર ચોકડીની વચ્ચેથી પસાર થતી કાલિન્દ્રિ નદીની હાલત ભયંકર ગંદકી અને દબાણોને જોતા એવું લાગી રહ્યું છે કે થોડા સમયમાં આ નદીનું અસ્તિત્વ જ નહિ રહે. અને જો ખરેખર એવું થાય તો જે પાણીનો પ્રવાહ ચોમાસામાં આ નદીમાં ભળે અને નદી બે કાંઠે વહેતી હોઈ અને જો એ પણીનો પ્રવાહ જ નહિ રહે તો કેટલા ગામોને અસર થશે અને જળ હોનારત આવશે એ પણ એક વિચારવા જેવી બાબત છે. શહેરના સારા વિસ્તારમાં જેની ગણના થાય છે એવા મહેન્દ્રનગર નજીક બહુમાળી ઈમારતો અને હજારોની



સંખ્યામાં લોકો ત્યાં આસપાસ રહે છે. ત્યારે કાલિન્દ્રિ નદીમાં ગંદકીને હિસાબે થતો મચ્છરના ઉપદ્રવથી લોકો પરેશાન છે. અને જો અત્યારે આ ચોમાસામાં રોગચાળા ભયંકર ફેલાય છે તે આપણે જોયેલું છે. અને આના લીધે મોરબીમાં ભયંકર રોગચાળો ફેલાઈ તો તેના માટે જવાબદાર કોણ?અત્યારે જે રીતે ભાજપના નેતા સ્વચ્છતા અભિયાનના નાટકો કરી રહ્યા છે તે બંધ કરે અને જો ખરેખર ગંદકી દૂર કરવાની દ્રઢ ઈચ્છા શક્તિ હોઈ તો આ નદીની ગંદકીને દૂર કરવા અહીંયા સ્વચ્છતા અભિયાન ચલાવે તો તેમાં અમે પણ જોડાશું અને શહેરના અન્ય નાગરિકો પણ મોટી સંખ્યામાં જોડાશે. અંતમાં દેવેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે જો આવનારા દિવસોમાં કાલિન્દ્રિ નદીમાં થઈ રહેલા દબાણો અને ગંદકીના આ પ્રશ્નનું નિરાકરણ નહિ કરવામાં આવે તો મોરબીની પ્રજાને સાથે રાખી મોટું જનઆંદોલન કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામા આવી હતી.

# વાંકાનેરમાં કારની હડફેટે રોડ ક્રોસ કરી રહેલ આધેડનું સારવારમાં મૃત્યુ નીપજ્યું

વાંકાનેરના ચંદ્રપુર નજીક ચોટીલા હાઈવે ઉપર ચાલીને રોડ ક્રોસ કરી રહેલા આધેડને પુરપાટ આવતી કારે ઠોકરે ચડાવી અકસ્માત સર્જી અજાણી કારનો ચાલક પોતાની કાર લઈને સ્થળ ઉપરથી નાસી ગયો હતો. જ્યારે કાર હડફેટે ઈજાગ્રસ્ત આધેડનું રાજકોટ સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે મૃતકના પુત્ર દ્વારા આરોપી અજાણી કારના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી અનુસાર વાંકાનેર તાલુકાના નવી રાતીદેવરી ગામે રહેતા ધારાભાઇ લવજીભાઇ વિકાણી ઉવ.૪૫ ગત તા. ૧૩/૦૯ના રોજ ચંદ્રપુર નજીક ચોટલીલા નેશનલ હાઈવે શ્રીનાથજી વે બ્રિજ સામેથી પગપાળા રોડ ક્રોસ કરતા હોય તે વખતે અજાણી સફેદ કલરની ફોર વ્હીલ કારના ચાલકે પોતાના હવાલા વાળું વાહન પુરઝડપે ગફલતભરી રીતે ચલાવી ધારાભાઈને હડફેટે લઈ અકસ્માત સર્જી ધારાભાઈને રોડ ઉપર પછાડી દેતા તેઓને માથામાં તથા પગે ગંભીર ઈજા થતા તેઓને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ધારાભાઈનું ટૂંકી સારવારમાં મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માતના બનાવ બાદ અજાણી કારનો ચાલક પોતાનું વાહન લઈને અકસ્માતના સ્થળેથી નાસી ગયો હતો. ત્યારે મૃતકના પુત્ર રોહિતભાઈ ધારાભાઈ વિકાણી દ્વારા વાંકાનેર સીટી પોલીસ મથકમાં અજાણ્યા કારના ચાલક સામે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

# ટંકારાના ગાયત્રીનગર સોસાયટીની પાછળ જુગાર ખેલતા પાંચ ઝડપાયા

ટંકારા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ગાયત્રીનગર સોસાયટી પાછળ દેવીપૂજકવાસ નજીક તીનપત્તીનો જુગાર રમી રહેલા રફિકભાઈ ઉર્ફે હરીયો આદમભાઈ સોહરવદી ઉવ.૩૨ રહે.ટંકારા સંધીવાસ, હાજીશા હુસેનસા સોહરવદી ઉવ.૩૨ રહે.ટંકારા કલ્યાણપર રોડ, રફિકભાઈ ગફારભાઈ કાસમાણી ઉવ.૪૦ રહે.ટંકારા મેમણશેરી, અવેસભાઇ આદમભાઈ અબ્રાણી ઉવ.૨૬ રહે.ટંકારા સરકારી હોસ્પિટલ સામે તથા ઈમ્તિયાજભાઇ ઉર્ફે ઈનો અલીભાઈ મકવાણા ઉવ.૩૦ રહે.ટંકારા મોચીબજારવાળાને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસે સ્થળ ઉપરથી રોજદા રૂપિયા ૧૦,૮૦૦/-કબ્જે કરી તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં બાંધકામની સાઈટ ઉપર કામ કરતી વેળા હાર્ટએટેક આવતા રાજસ્થાની યુવકનું મૃત્યુ

મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં આવેલ નીલમબાગ-૧ માં એલિજન એપાર્ટમેન્ટનું બાંધકામ સાઈટ ઉપર કામ કરી રહેલ ભવરલાલ રામકરણ વર્મા ઉવ.૩૬ રહે.હાલ.મોરબી-૨ નિલમબાગ-૧ એલીજન એપારમેંન્ટ મુળ.રહે.માલવીયાનગર જી.જયપુર(રાજસ્થાન)વાળાને અચાનક છાતીમાં દુખાવો ઉપડતા તેને મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે સારવારમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પર હાજર ડોક્ટરે ભવરલાલને જોઈ તાઓએસી મૃત જાહેર કર્યા હતા. ત્યારે સીટી બી ડિવિઝન પોલીસે બનાવ અંગે અ. મોતની નોંધ કરી ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરના નવા ઢુંવા ગામે બોલેરો કાર ચાલકનો આતંક, જુના ઝઘડાનો ખાર રાખી મકાનના દરવાજા તથા બાઈક ઉપર બોલેરો ચડાવી કરી નુકસાની

વાંકાનેરના નવા ઢુંવા ગામે જુના ઝઘડાનો ખાર રાખી બોલેરો લઈને આવેલા શખ્સે બોલેરો ગાડી પુરપાટ ઝડપે રિવર્સ લઈને ભોગ બનનારના રહેણાંક મકાનના મેઈન ગેટમાં અથડાવી ગેટ તોડી નાખ્યો હતો. ત્યારે ગેટ પાસે પાર્ક કરેલ બાઇકમાં પણ નુકસાની કરી હતી. જ્યારે બનાવ બાદ બોલેરો ચાલકે છરી બતાવી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે સમગ્ર બનાવ અંગે બોલેરો કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ વાંકાનેર તાલુકાના ભીમગુડા ગામના વતની હાલ નવા ઢુંવા શેરી નં.૧ માં રહેતા જીતુબેન અશોકભાઇ ચારલા ઉવ.૪૫ એ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં આરોપી વિક્રમસિંહ અજીતસિંહ ઝાલા રહે. નવા ઢુંવા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ફરિયાદી જીતુબેન સાથે વિક્રમભાઈ સાથે અગાઉ ઝઘડો થયો હોય તે ઝઘડાનો ખાર રાખી ગત તા. ૧૮/૦૯ના રોજ રાત્રીના ૧ વાગ્યાની આસપાસ આરોપી વિક્રમસિંહ બોલેરો ગાડીમાં ફરિયાદીના ઘર પાસે આવી પોતાની બોલેરો કાર પુરઝડપે રિવર્સમાં લઈ જીતુબેનના રહેણાંક મકાનના મુખ્ય દરવાજા સાથે જોરદાર અથડાવી દરવાજો તોડી નાખ્યો હતો. તથા ત્યાં પાર્ક કરેલ બાઇકને પણ નુકસાની પહોંચાડી હતી. ત્યારબાદ જીતુબેનના દીકરા વિજયને પણ બોલેરો ચાલક વિક્રમસિંહે છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે સનાગર બનાવ બાબતે જીતુબેન દ્વારા વકાબેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વિક્રમસિંહ સામે ગુનો દાખલ કરીને આરોપીની અટકાયત કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગર મનપાની સ્ટેન્ડીંગ કમિટીમાં વિકાસ કામો માટે રૂ.૫.૪૪ કરોડના ખર્ચને બહાલી આપવામાં આવી

**મુખ્ય સમાચાર,જામનગર**



જામનગરમાં સાંઢિયા પુલથી કનસૂમરા સુધીનો માર્ગ ૧૮ મીટર પહોળો કરવા ડીપી રોડની અમલવારી કરવા સહિત જુદા-જુદા કામ માટે રૂ.૫.૪૪ કરોડના ખર્ચને મનપાની સ્ટેન્ડીંગ કમીટીએ બહાલી આપી છે. ઠેબાથી ખીજડિયા બાયપાસ સહિતના વિસ્તારોમાં મેટલ રોડ માટે રૂ.૩૬૯.૬૫ લાખ મંજૂર કરાયા છે.જામ્યુકોની મળેલી સ્ટેન્ડીંગ કમીટીની બેઠકમાં ખીજડીયા, પમ્પ હાઉસ, જ્ઞાનગંગા ફિલ્ટર પ્લાન્ટ અને ઉંડ-૧, સસોઇ તથા આજી-૩ ડેમ ખાતે ઓપરેશન એન્ડ મેઇનટેનન્સ માટે રૂ.૧૧૯.૯૬ લાખ વાર્ષિક ખર્ચ, શહેરના સોલેરિયમ ઝોન વિસ્તારમાં વોટર વર્કસ લાઇન તથા નવી આરસીસી બ્રીક મશીનરી વાલ્વ ચેમ્બર બનાવવા વાર્ષિક રૂ.૧૦.૬૮ લાખ મંજૂર કરાયા હતાં. વોર્ડ નં.૧,૬ અને ૭ માં મેટલ, મોરમ, ગ્રીટ સપ્લાય માટે રૂ.૫ લાખ મંજૂર કરાયું હતું. વોર્ડ નં.૨, ૩ અને ૪ માં સીસી રોડના પેચવર્ક માટે રૂ.૧૯.૯૬ મંજૂર કરાયું હતું. દરેડથી લાખોટા તળાવમાં આવતી ફીડીંગ કેનાલમાં જીઆઇડીસી ઉધોગના પાણી ન મળે તે માટે ડ્રેનેજના પાઇપનો ખર્ચ સ્વભંડોળમાંથી બુક કરવાનું મંજૂર કરાયું હતું.યુનિયનોના કર્મચારીઓના વાંધા સૂચનો અન્વયે જે તે જગ્યાનો અનુભવ ૭ ના બદલે ૫ વર્ષ, ૩ ના બદલે ૨ વર્ષ, ટ્રેઝરર-શોપ ઈન્સપેકટરની જગ્યા યથાવત રાખવા નિર્ણય કરાયો હતો. જયારે ડેપ્યુટી કમિશ્નર, આસી કમિશ્નર ટેકસ, એમએચઓ, કાર્યપાલક ઈજનેરની જગ્યા પર સીધી ભરતી, બઢતીથી નિમણૂંક માટે ભલામણ સાથે જનરલ બોર્ડમાં મોકલવા ઠરાવ કરાયો હતો. હરિયા કોલેજથી સાંઢિયા પુલથી કનસૂમરા ગામ સુધીના પહોળા રેલવે ટ્રેકને સમાંતર ડીપી રોડને જોડતા ૧૮ મીટર પહોળા ડીપી રોડની અમલવારી કરવાનો ઠરાવ કરાયો હતો.

# મોરબી પાલિકા દ્વારા વધુ એકવાર પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ૨૫૦ કિલોનો જથ્થો જપ્ત કરાયો



મોરબી નગરપાલિકા ચીફ ઓફિસર દ્વારા આપવામાં આવેલ સુચનને લઈ શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકના વેચાણ કરતા વેપારીઓની દુકાનમાં ચેકીંગ હાથ ધરી વધુ ૨૫૦કિલો પ્લાસ્ટિકનો જથ્થો ઝડપી લેવામાં આવી રૂપિયા ૫ હજારનો દંડ વસુલવામાં આવ્યો છે. મોરબી નગર પાલિકાના ચીફ ઓફિસર કુલદીપસિંહ વાળાના માર્ગદર્શન હેઠળ નગરપાલિકાના કૃષ્ણસિંહ જાડેજા તેમજ તેમની ટીમ દ્વારા જુદા જુદા વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ કરતા વેપારીઓની દુકાનોમાં ચેકીંગ હાથ ધરી પાન માવામાં વપરાતું પ્લાસ્ટિક તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઝબલાનો આશરે ૨૫૦ કિલોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. અને રૂપિયા ૫,૦૦૦/-નો દંડ વસુલવામાં આવ્યો હોવાનું યાદીમાં જણાવ્યું છે.

# રાજકોટ મનપાના જનરલ બોર્ડમાં શાસકો વિરુદ્ધ બેનર ફરકાવતા મચી ધમાલ

## રોડ રસ્તાની મરામતના પ્રશ્ને એક કલાકનો સમય વેડફવામાં આવ્યો
## ચાલુ બોર્ડે કોંગ્રેસના નગરસેવિકા ભાનુબેન સોરાણીએ ચાલતી પકડી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજે રાજકોટ મનપાનું જનરલ બોર્ડ મેયરની અધ્યક્ષતામાં મળ્યું હતું જેમાં પ્રાણ પ્રશ્નોની ચર્ચા કરવાના બદલે ફક્ત રોડ રસ્તાની મરામતના પ્રશ્ન એક કલાકનો સમય વેડફી નાખવામાં આવ્યો હતો બાદમાં કોંગ્રેસના કાર્યકરો પ્રેક્ષક ગેલેરીમાં ઘૂસી શાસક પક્ષ વિરુદ્ધ ફરકાવતા ધમાલ મચી જવા પામી હતી વિજિલન્સ દ્વારા આ કાર્યકરોને બહાર કાઢવામાં આવ્યા હતા

આજે રાજકોટ મહાનગરપાલિકા નું જનરલ બોર્ડ મળ્યું હતું જેમાં પ્રાણ પ્રશ્નોની ચર્ચા કરવા બદલે એક કલાકનો સમય રાજકોટના જુદા જુદા વિસ્તારોમાં રોડ રસ્તાની મરામત અને ડામર પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો તેમાં વેડફી નાખવામાં આવ્યો હતો





ઝયિક્ષમત કોંગ્રેસના નેતા વશરામ સાગઠીયા પ્રજા જેનોના પ્રાણ પ્રસન ની ચર્ચા કરવા અવાજ ઉઠાવતા સામાન્ય સભા તોફાની બની હતી  એક તબક્કે કોંગ્રેસના તમામ નગર સેવકોએ શાસક પક્ષ વિરુદ્ધ બેનર ફરકાવતા ફરી ધમાલ મચિ જવા પામી હતી

કોંગ્રેસે શાસકો પાસે ગાયના મૃત્યુ માટે કોણ જવાબદાર, સ્મશાન ના લાકડા કોણ ખાઈ ગયું, તેમજ રાજકોટના જુદા જુદા વિસ્તારોમાં ૧૨૦૦ ખાડા પડેલા છે આ માટે કોણ જવાબદાર જેવા વિવિધ પ્રશ્નોના મુદ્દે કાર્ડ બોર્ડ ફરકાવ્યા હતા બાદમાં તમામ કોંગ્રેસી નગર સેવકોને માર્શલ દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા

આપેલા વશરામભાઈ સાગઠીયા જણાવ્યું હતું કે રાજકોટ મહાનગરપાલિકાના શાસકો ગુજરાત મહાનગર પાલિકા એક્ટ એક વિરુદ્ધ કામો મંજૂર કરાવી રહ્યા છે જેને લઈ તું તું મેં થઈ હતી સામે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જેમીન ઠાકરે કોંગ્રેસ પર નિશાન ટાંકતા જણાવ્યું હતું કે ભૂતકાળમાં કોંગ્રેસના શાસનમાં તમામ રસ્તાઓ ફક્ત કાગળ પર જ બન્યા છે આ તમામ બાબતો વચ્ચે એક નોંધનીય ઘટના પણ બની હતી પ્રજાના પ્રશ્નોની ચર્ચા ચાલતી હતી તે સમયે કોંગ્રેસના નગરસેવિકા ભાનુબેન સુરાણીએ કોઈ અકકડ કારણોસર બોર્ડમાંથી ચાલતી પકડી હતી મનપાનું રોજ જનરલ બોર્ડ સવારે ૧૧ વાગ્યે સ્વ. રમેશભાઈ છાયા સભાગૃહમાં મેયર નયનાબેનના અધ્યક્ષ સ્થાને યોજાશે. આ બોર્ડમાં વોર્ડ નં. ૧ના કોર્પોરેટર હિરેન ખીમાણીયાએ જુદા જુદા વોર્ડના એકશન પ્લાનની કામગીરી હાલ કયા તબક્કે છે ? છેલ્લા ૩ વર્ષમાં થયેલા એકશન પ્લાનની વિસ્તૃત વિગત વોર્ડ વાઈઝ આપવી, વેરા વસુલાત શાખા રીકવરી સેલ દ્વારા કરવામાં આવેલ કામગીરીની વિગતો તથા આવકમાં કેટલો વધારો થયો ? તેની વિગતવાર માહિતી આપવાથી થશે.'' આજે મળેલી સામાન્ય સભામાં રાજકોટ મ્યુનિસિપલ કમિશનર દેવાંગ દેસાઈ અધિકારીઓ અધિકારીઓ તેમજ ભાજપ કોંગ્રેસના નગરસેવક ઉપસ્થિત રહ્યા હતા.







(તસ્વીરઃ આનંદ જાવિયા)

# વાઈબ્રન્ટ બિલ્ડકોન ૨૦૨૫ માટેના રોડ શોનું આયોજન રાજકોટ ખાતે કરવામાં આવ્યું

## ૧૩-૧૬ એપ્રિલ, ૨૦૨૫ના રોજ યશોભૂમિ, નવી દિલ્હી ખાતે ઉદ્યોગમાં ક્રાંતિ લાવવા માટે ભારતનો સૌથી મોટો બિલ્ડિંગ મટીરીયલ એક્સપો યોજાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

૨૦ મી સપ્ટેમ્બર-૨૦૨૪: ખૂબ જ અપેક્ષિત વાઈબ્રન્ટ બિલ્ડકોન ૨૦૨૫-ભારતનો સૌથી મોટો અને સૌથી પ્રભાવશાળી બિલ્ડિંગ મટીરીયલ એક્સ્પો - ૧૩-૧૬ એપ્રિલ, ૨૦૨૫ દરમિયાન યશોભૂમિ, નવી દિલ્હી ખાતે યોજાશે,તેના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે બોલિવૂડના આઈકોન સુનીલ શેટ્ટી ને નિયુક્ત કરવામાં આવ્યું છે.આ ઈવેન્ટ ભારતના બિલ્ડીંગ મટીરીયલ ઉદ્યોગ માટે ગેમ-ચેન્જર બનવાનું વચન આપે છે.આ એક્સ્પોઆવનારાવર્ષો માટે નાભારત સરકારના વિઝનને ટેકો આપશે, જે૨૪૦ બિલિયન યુએસડી ના ઝડપથી વિકસતા હાર્ડવેર અને બિલ્ડિંગ મટિરિયલ્સ માર્કેટના સંદર્ભમાં ટકાઉપણું, સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા, અફોર્ડેબલ હાઉસિંગ અને ડિજિટલાઈઝેશન પર ધ્યાન કેન્દ્રિત કરશે.

રાજકોટ ખાતે આયોજિત રોડશોમાંભારતીય લેમિનેટ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન, ઈન્ડિયન સ્મોલ સ્કેલ પેઈન્ટ એસોસિએશન, ગુજરાત પેઈન્ટ એસોસિએશનઅને રાજકોટ હાર્ડવેર મેન્યુફેક્ચરર્સ એસોસિએશન ના હોદ્દેદારો, સદસ્યસહિત ૧૦૦૦ થી વધુઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતાં. અને આ ઈવેન્ટ ને સફળ બનાવી હતી.રાજ્ય નાખ્યાતનામ આર્કિટેક્ટ, ઈન્ટિરિયર ડિઝાઈનર્સ, બિલ્ડર્સ, તેમજ વાઈબ્રન્ટ બિલ્ડકોન માં સમાવિષ્ટ જુદી જુદી કેટેગરી ના ઉદ્યોગકારો એ હાજરી આપી હતી અને ઈવેન્ટ ને લઈને પોતાના પોઝિટિવ મંતવ્યો રજુ કર્યા હતાં.

આ એક્સ્પો ૧૫૦,૦૦૦ થી વધુ સ્થાનિક મુલાકાતીઓ, ૬૦૦ થી વધુપ્રદર્શકો અને ૧૦૦ થી વધુદેશોના ૨,૦૦૦ થી પણ વધારેઆંતરરાષ્ટ્રીય ખરીદદારો માટે એક શક્તિશાળી પ્લેટફોર્મ પૂરું પાડશે, જે ૫૦,૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલ છે. હાર્ડવેર, બાથ ફીટીંગ્સ સિન્ક, પાઈપ ફીટીંગ્સ વોટર ટેન્કસ, પ્લાયવુડ લેમિનેટ ફલોરિંગ, સિરામિક ટાઈલ્સએન્ડસેનિટરીવેર, સિમેન્ટ, ટીએમટી બાર, માર્બલ, ગ્રેનાઈટ, પેઈન્ટ્સ અને જીપ્સમ બોર્ડ, એધેસિવ અને કેમિકલ,રિન્યુએબલ એનર્જી, લિફ્ટઅને વધુ સહિત ૧૨ સેક્ટર અને ૧૮ પ્રોડક્ટ કેટેગરી આ ઈવેન્ટ માં જોડાશે જે આ ઈવેન્ટ ને ભારત નું સૌથી મોટું બિલ્ડીંગ મટીરીયલ નું ઈવેન્ટ બનાવશે.

વાઈબ્રન્ટ બિલ્ડકોન ના આયોજકો એ જણાવ્યું કે નસ્રઉત્પાદનો અને સોલ્યુશન્સની વિશાળ શ્રેણીને પ્રદર્શિત કરવા ઉપરાંત, આ એક્સ્પોભારત ના જુદા જુદારા જયોમાંથી વિવિધમેન્યુફેકચરિંગ કલસ્ટર નું પ્રતિનિધિત્વ કરશે, જે ભારતના ઉત્પાદન લેન્ડસ્કેપની વિવિધતા અને શક્તિને રેખાંકિત કરશે.આ વ્યાપક ભાગીદારી ભારતીય ઉત્પાદકો માટે વૈશ્વિક મંચ પર સ્પર્ધા કરવા, આંતરરાષ્ટ્રીય ખરીદદારો સાથે જોડાણ કરવા અને નિકાસ વૃદ્ધિને આગળ વધારવા માટેના મુખ્ય પ્લેટફોર્મ તરીકે ઈવેન્ટના મહત્વને દર્શાવે છે.અમે માનીએ છીએ કે વાઈબ્રન્ટ બિલ્ડકોન વૈશ્વિક મંચ પરભારત નીહાજરીને નોંધપાત્ર રીતે વધારશે અને ભારતના ઔદ્યોગિક વિકાસમાં ફાળો આપશે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

# રવિ પ્રકાશને ટ્રસ્ટની જગ્યામાં બાંધકામ શરૂ કરી દેતા વિવાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરના ડો.યાજ્ઞિક રોડ પર આવેલી શેઠ અમરચંદ માધવજી શેઠ દશા સોરઠિયા વણિક વિદ્યાલયની જગ્યામાં રવિ પ્રકાશનના સંચાલકે ગેરકાયદે મંજૂરી વગર બાંધકામ શરૂ કરતા વિવાદના મંડાણ થયા છે. ટ્રસ્ટીઓએ જગ્યામાં ગેરકાયદે બાંધકામ અટકાવવા પ્રયાસ કર્યા બાદ દુકાનમાલિકે દાદાગીરી કરતા એ-ડિવિઝન પોલીસને જાણ કરી હતી અને તેના પગલે પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ટ્રસ્ટીઓએ આ મુદ્દે મહાનગરપાલિકાને પણ લેખિત ફરિયાદ કરી છે.

અમરચંદ માધવજી શેઠ વણિક વિદ્યાલયના ટ્રસ્ટીઓએ માહિતી આપતા જણાવ્યું હતું કે, ૧૦૦ વર્ષ કરતા જૂના ટ્રસ્ટના આ બિલ્ડિંગમાં ૩૫ વર્ષ પૂર્વે જયેશ ખખ્ખરે ટ્રસ્ટ પાસેથી ભાડાચિઠ્ઠી મેળવી રવિ પ્રકાશન નામે પેઢી શરૂ કરી હતી. થોડા મહિના પહેલા જયેશભાઈ ખખ્ખરનું નિધન થઈ જતા તેમના પુત્ર ચિરાગે દુકાન સંભાળી હતી અને ચિરાગ ખખ્ખરે ટ્રસ્ટીઓ પાસેથી કોઈજાતની મંજૂરી મેળવ્યા વગર અને તેમને જાણ કર્યા વગર અંદરની બાજુએ ગેરકાયદે રીતે બાંધકામ શરૂ કરી દીધું છે. જે બાબતે અગાઉ ટ્રસ્ટીઓએ વિરોધ કરતા બાંધકામ અટકાવી દીધું હતું અને ત્યારબાદ ગુરૂવારે ચિરાગ ખખ્ખરે ફરી રોડ પર રેતી, ઈંટોના ઢગલા કરી બાંધકામ શરૂ કરી દીધું હતું. આથી ટ્રસ્ટીઓએ બાંધકામ અટકાવવા જણાવતા ચિરાગ ખખ્ખરે ચાલુ રાખતા પોલીસને જાણ કરી હતી અને એ ડિવિઝન પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આ મામલે ટ્રસ્ટીઓએ મહાનગરપાલિકાના કમિશનર અને સિટી એન્જિનિયરને લેખિત ફરિયાદ કરી છે.




# રાજ્ય યોગ બોર્ડ તેમજ મહાપાલિકાના સંયુક્ત ઉપક્રમે યોજાયો સ્વચ્છતા એજ સેવા તેમજ યોગ સંવાદ



ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ના ખઊર્જાવાન ચેરમેન  યોગ સેવક શિશપાલ,ખાસ ફરજ પર ના અધિકારી  વેદી ,સ્ટેટ કોર્ડીનેટર અનિલભાઈ ત્રિવેદી, સૌરાષ્ટ્રઝોન કોર્ડીનેટર વંદનાબેન રાજાણી,સોશિયલ મીડિયા ઝોન કોર્ડીનેટર શૈલેષભાઈ ટાંક અને યોગ મનાપા કોડીનેટરવેસ્ટઝોનગીતાબેન અને ઈસ્ટ ઝોન કોડીનેટર મીતાબેનતેરૈયા સોશિયલ મીડિયા કન્વીનર દર્શનાબેન આહ્યા*ના સીધા માર્ગદર્શન અને શુભેચ્છા સાથે મહાનગર પાલીકા સ્વચ્છતા એજ સેવા - યોગ સંવાદ - વ્યસન મુક્તિ માં જાગૃતિ આવે આવા ઉમદા હેતુ થી વિશેષ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું તેમાં બધા કોચ અને ટ્રેનરો હાજર રહ્યા હતા.

# જામનગર જિલ્લાની ૨૭ ગૌશાળા- પાંજરાપોળ માટે રૂ.૧.૬૫ કરોડની આર્થિક સહાય મંજૂર કરાઈ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લામાં મુંગા જીવોની સેવા કરતી અને તેમની સાર સંભાળ રાખતી અનેક સંસ્થાઓ કાર્યરત છે. આ સંસ્થાઓમાં મુંગા જીવો માટે દવા, સારવાર, શેડ, ઘાસચારો, પીવાનું પાણી આમ તમામ પ્રકારની સુવિધા પુરી પાડવામાં આવે છે. આ સંસ્થાઓના નિભાવ ખર્ચ અને જાળવણી માટેરાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ પશુપાલન વિભાગ, ગાંધીનગર દ્વારા મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અમલમાં મુકવામાં આવી છે. આઈ ખેડૂત પોર્ટલ પર દર ૩ મહિને આ યોજના માટેના ઓનલાઈન ફોર્મ મુકવામાં આવે છે. યોજના અનુસાર પ્રતિદિન રૂ.30 ના લેખે લાભાર્થીઓને ચુકવણી કરવામાં આવે છે.તાજેતરમાં જિલ્લા કલેકટર બી.કે.પંડ્યાના અધ્યક્ષ સ્થાને મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના વર્ષ ૨૦૨૪-૨૫ અન્વયે જિલ્લા કક્ષાની સમીક્ષા સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જેમાં જિલ્લા કલેકટરએ યોજનાના ઠરાવ મુજબ પાત્રતા ધરાવતી સંસ્થાઓની મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત આવેલી અરજીઓને ધ્યાનમાં રાખતા તેમને સહાય માટે મંજૂરી આપી હતી.

આ અંગે નાયબ પશુપાલન નિયામક ડો.તેજસ શુક્લએ જણાવ્યું હતું કે, આ યોજના અંતર્ગત વર્તમાન વર્ષ એપ્રિલ- ૨૦૨૪ થી જુન-૨૦૨૪ના પ્રથમ હપ્તા માટે પશુ નિભાવ સહાય માટે આઈ ખેડૂત પોર્ટલ ઉપર કુલ 30 સંસ્થાઓની ઓનલાઈન અરજી મળી હતી. જિલ્લા કક્ષાની સમીક્ષા સમિતિ દ્વારા ૧૦૦૦ થી ઓછી દૈનિક પશુઓની સંખ્યા ધરાવતી હોય તેવી કુલ ૨૭ સંસ્થાઓની અરજીઓ મંજૂર કરીને ચુકવણા અર્થે ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગરને મોકલી આપવામાં આવી છે. જ્યારે બાકી રહેલી ૩ સંસ્થાઓની અરજીઓ ઠરાવની શરતો પરિપૂર્ણ ન કરતી હોવાથી નામંજૂર કરવામાં આવેલ હતી.

તેઓએ આગળ ઉમેર્યું હતું કે, જામનગર જિલ્લામાંથી કુલ ૨૭ સંસ્થાઓના ૬૦૫૩ પશુઓ માટે કુલ રૂ.૧,૬૫,૨૪,૬૯૦/- ની સહાય મંજૂર કરીને ચુકવણા માટે ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગરને મોકલી આપવામાં આવી છે. હાલમાં સમગ્ર જામનગર જિલ્લામાં સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત વિવિધ લોકકલ્યાણલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.



# ગોંડલ રોડ ચોકડી પાસે ઈકો કારમાં રૂપિયા ૨૮૦૦૦ના દારૂસાથે પરપ્રાંતિય શખ્સની ધરપકડ



**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા ગોંડલ રોડ ચોકડી પાસે વાવડી ગામ તરફ જવાના રસ્તે શભશભશ બફક્ષસ નજીક પેટ્રોલિયમ માં રહેલા ક્રાઈમ બ્રાન્ચ ના એએસઆઈ મયુરભાઈ પટેલ કોન્સ્ટેબલ નગીનભાઈ સહિતના સ્ટાફે ચોક્કસ બાદના આધારે વોચ ગોઠવી ઈકો કાર નંબર લષ ૬ વહ ૪૮ ૫૧ માં એક ઈસમ શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે કારનો પીછો કરી અટકાવી કારની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો અને ચપલા સહિતનો રૂપિયા ૨૮,૬૪૦ નો મુદ્દા માલ મળી આવતા પોલીસે કારનો ચાલક કમલસિંહ લચુ સિંગ સિંગાડ રહે મધ્ય પ્રદેશ ની ધરપકડ કરી કાર સહિત રૂપિયા ૩.૨૮ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

